Thu, 22 Jun-17; Divya Bhaskar - Ahmedabad; Size : 39 sq.cm.; Page : 13

# હોમ ફાઈ. લિસ્ટિંગ મુદ્દે RCapને NCLT પાસેથી મીટિંગની મંજૂરી

**નવી દિલ્હી** | રિલાયન્સ કેપિટલે જણાવ્યું હતું કે કંપનીને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ પાસેથી રિલાયન્સ હોમ ફાઈનાન્સના ડીમર્જર માટે શેરહોલ્ડરોની મીટિંગ યોજવા માટે મંજૂરી મળી ગઈ છે. કંપની હોમ ફાઈનાન્સને સ્વતંત્રપણે એક્સચેન્જો પર લિસ્ટિંગ કરવા ધારે છે. કંપનીને પહેલેથી જ આ માટે બીએસઈ અને એનએસઈ પાસેથી નો ઓબ્જેક્શન મળી ગયું છે. રિલાયન્સ હોમ ફાઈનાન્સના લિસ્ટિંગની પ્રક્રિયા સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જવાનો અંદાજ છે. શેર સામે શેરહોલ્ડરોને રિલાયન્સ હોમ ફાઈનાન્સના લિસ્ટિંગ પછી એક શેર ફાળવાશે.